Azadi Ka Amrit Mahotsav

# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર    તા. જુલાઈ ૩૧, ૨૦૨૨ • શ્રાવણ સુદ ૩ સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## ગુજરાતને ગોલ્ડન ગિફ્ટ : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશનું પ્રથમ ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ લોન્ચ



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૮ અને ૨૯ જુલાઈ ૨૦૨૨ દરમિયાન ગુજરાત આવ્યા હતા. ૨૮મી જુલાઈએ તેમણે સાબરકાંઠા જિલ્લાના ગઢોડા ખાતે સાબર ડેરી પ્લાન્ટની નજીક રૂ. ૬૦૦ કરોડના ખર્ચે બનનાર ચીઝ પ્લાન્ટનું ભૂમિપૂજન કર્યું હતું. જ્યારે રૂ.૧૨૫ કરોડના ખર્ચે નિર્મિત અલ્ટ્રા હાઇ ટ્રીટમેન્ટ ટેટ્રાપેક પ્લાન્ટ તેમજ રૂ. ૩૦૫ કરોડના ખર્ચે બનેલા પાવડર પ્લાન્ટનું લોકાર્પણ પણ કર્યું હતું. ૨૯મી જુલાઈએ ગિફ્ટ સિટીમાં વડાપ્રધાનશ્રીએ ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ અને NSE IFSC-SGX કનેક્ટને લોન્ચ કર્યું હતું. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, આ ભવન આર્કિટેક્ચરમાં જેટલું ભવ્ય હશે એટલું જ ભારતને આર્થિક મહાશક્તિ બનાવવાના અનેક અવસર ઉભા કરશે. ગોલ્ડ પ્રત્યેનો ભારતીયોનો પ્રેમ કોઇનાથી છૂપો નથી. ગોલ્ડ આપણા સમાજ અને સંસ્કૃતિનો એક મહત્વનો ભાગ છે જેના કારણે ભારત આજે સોના-ચાંદીના ક્ષેત્રમાં એક મોટું માર્કેટ છે. ભારતની ઓળખ માર્કિંગ મેકરની બને એ દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. આનાથી ગોલ્ડ સાથે જોડાયેલી ઇન્ડસ્ટ્રી, જ્વેલર્સને વિસ્તાર કરવામાં મદદ કરશે અને નવા અવસરનો રસ્તો ખૂલશે. (Source : www.divyabhaskar.co.in)

## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિમંડળ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ન્યૂ સાઉથ વેલ્સના મિનીસ્ટર ફોર એન્ટરપ્રાઇઝ, ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડ તથા મિનીસ્ટર ઓફ ટુરિઝમ એન્ડ સ્પોર્ટ્સ તેમજ મિનીસ્ટર ઓફ વેસ્ટર્ન સિડની શ્રી સ્ટુઅર્ટ અયરેસ અને પ્રતિનિધિમંડળે લીધી હતી. ગુજરાત અને ન્યૂ સાઉથ વેલ્સ વચ્ચે ૨૦૧૮માં જે સિસ્ટર સ્ટેટ તરીકે એગ્રીમેન્ટ થયેલા છે તેના પરિણામે બેય પ્રદેશો વચ્ચે સહકારિતાનો સેતુ વધુ સુદ્રઢ અને વિસ્તૃત બન્યો છે તેનો આનંદ તેમણે આ મુલાકાત દરમ્યાન વ્યક્ત કર્યો હતો. (Source : https://cmogujarat.gov.in)

## ગુજરાત વિધાનસભામાં 'યુથ મોડેલ એસેમ્બલી' યોજાઇ



અખિલ ભારતીય પ્રમુખ અધિકારી પરિષદના ૧૦૦ વર્ષ અને ભારતની આઝાદીના હીરક જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત વિધાનસભા ખાતે 'યુથ મોડલ એસેમ્બલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. દેશની વિકાસ પ્રક્રિયામાં યુવાનોની ભાગીદારી વધે અને ભવિષ્યમાં આ દેશને સુશાસન મળે તે માટે વિદ્યાર્થીઓને રાજકીય ક્ષેત્રે તાલીમ અને ભવિષ્યના સારા લીડર બનવાની પ્રેરણા આપવા આ કાર્યક્રમ યોજાયો હતો. (Source : https://cmogujarat.gov.in)

વ્હાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## વિશાખાપટ્ટનમના ગુજરાતી સમાજ ભવનનું ઉદઘાટન



શ્રી ગુજરાતી સમાજ વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ) દ્વારા નવનિર્મિત ગુજરાતી સમાજ ભવનનું ઉદઘાટન તાજેતરમાં યોજાઇ ગયું જેમાં મુખ્ય અતિથિ તરીકે સુરતના ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના નાયબ સચિવશ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ અને ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગરના નિયામકશ્રી વિક્રમસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી ગુજરાતી સમાજ વિશાખાપટ્ટનમ, ગ્રેટર ગુજરાતી મહિલા સમાજ, ગુજરાતી યુવા મંડળ, સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢ, કચ્છી મિત્ર મંડળ, ગુજરાતી પ્રગતિ સમાજ હૈદરાબાદના પ્રમુખ અને અન્ય હોદ્દેદારો તેમજ સમાજના આગેવાનોએ હાજરી આપી હતી.

## યમેશ ત્રિવેદી કોલફિલ્ડ ગુજરાતી સમાજના પ્રમુખ બન્યા




ઝારખંડ, ધનબાદના શાસ્ત્રીનગર સ્થિત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન ખાતે કોલફિલ્ડ ગુજરાતી સમાજની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૨૨-૨૪ના સત્ર માટે યમેશ ત્રિવેદીને સર્વાનુમતે પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. પૂર્વ પ્રમુખ દીપક ઉદાણીએ તેમને ચાર્જ સોંપ્યો હતો. યમેશ ત્રિવેદીએ વર્ષ ૨૦૧૧માં કોલફિલ્ડ ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે યોગદાન આપ્યું હતું. લાયન્સ ક્લબ ઓફ ધનબાદ, ઝરિયા ગુજરાતી સ્કૂલ, ધનબાદ ક્લબ તેમજ અન્ય ઘણી સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. (Source : www.awazlive.com)

## લોસ એન્જલસમાં ભારતીયોએ દેશ માટે પાંચ કરોડ એકત્ર કર્યા



અમેરિકાના લોસ એન્જલસના સેરીટોઝ કોલેજના પર્ફોમીંગ આર્ટસ સેન્ટરના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન ભારતના ગામડાંના વિકાસ માટે સહયોગની ટહેલ કરતા જ ભારતીયોએ એક કલાકમાં પાંચ કરોડની રકમ એકત્ર કરી ભારત સરકાર સાથે સંલગ્ન થઈ ગ્રામ્ય વિકાસ માટે આપવાનું નક્કી કર્યું છે. આ સખાવત એકત્ર કરવામાં ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટીના ચેરમેન પરિમલભાઈ શાહ અને પ્રમુખ યોગી પટેલનો મોટો ફાળો અને સહયોગ રહ્યો હતો. આ પ્રસંગે આર્ટેશિયા ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો સહિત સ્થાનિક અગ્રણીઓ પણ હાજર હતા.

(Source : www.divyabhaskar.co.in)

## રજાઈનામાં ગુજરાતી સીનીયર સીટીઝન્સ દ્વારા પિકનિક યોજાઈ



ગુજરાતી સિનિયર સીટીઝન ફ્રેન્ડ્સ સર્કલ, રજાઈના, કેનેડાના ઉપક્રમે વયસ્ક નાગરિકો માટે વાસકાના લેક નજીક કેન્ડી કેન પાર્કમાં સમર પિકનિક યોજાઈ ગઈ જેમાં ગૃપના સ્થાપક ઘનશ્યામ પટેલ, ગુજરાતી સમાજ રજાઈનાના પૂર્વ પ્રમુખ ડો. રજનીકાંત પટેલ સહિત ઘણા લોકો જોડાયા હતા. પિકનિકમાં વિવિધ રમતો, ગરબા, લાફીંગ યોગા વગેરે પ્રવૃત્તિનો સિનિયર સિટીઝનોએ આનંદ માણ્યો હતો. પ્રભુદાસ પટેલે PR તેમજ કેનેડિયન સિટીઝનને રજાઈનામાં મળતા લાભ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

(Source : www.akilanews.com)

## આયુષીએ નેશનલ રો-બોલ સ્પર્ધામાં બ્રોન્ઝ જીત્યો



મધ્યપ્રદેશના બુરહાનપુરની નિવાસી આયુષીએ રાષ્ટ્રીય રો-બોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને સમાજનું નામ રોશન કર્યું છે. રોહતક હરિયાણામાં યોજાયેલી રાષ્ટ્રીય રો-બોલ સ્પર્ધામાં ગુજરાતી સમાજની આયુષીએ મધ્યપ્રદેશનું પ્રતિનિધિત્વ કરી શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરતાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સકલપંચ ગુજરાતી મોઢ વણિક સમાજ ટ્રસ્ટના પ્રમુખ વિજય શાહ સહિત સમાજના સભ્યોએ આયુષીને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સમાજના પ્રમુખ વિજય શાહે જણાવ્યું હતું કે, આયુષીએ તેના સમર્પણ અને અથાક પરિશ્રમને કારણે આ સિદ્ધિ મેળવી છે, જે સમાજના અન્ય હોનહાર પુત્ર-પુત્રીઓ માટે પણ ઉત્તમ ઉદાહરણ છે.

(Source : www.bhaskar.com)

## USમાં ગુજરાતની હોસ્પિટલ માટે ફાળો એકત્ર કરાયો



શિકાગોની નોનપ્રોફિટ સંસ્થા ભારતીય સિનિયર સીટીઝન્સ (BSC)એ તાજેતરમાં 'લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર' સાવરકુંડલા ખાતે હોસ્પિટલ વોર્ડ બનાવવા ૪૫ હજાર ડોલર એકત્ર કર્યા હતા. BSC કારોબારી સભ્યો દ્વારા ભંડોળ એકત્ર કરવા કેરોલ સ્ટ્રીમ ILમાં આવેલ 'રાણા રીગન સેન્ટર' ખાતે ૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ ડૉ. જગદીશ ત્રિવેદીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેના દ્વારા ભેગું થયેલું ભંડોળ સાવરકુંડલા અને આસપાસના વિસ્તારના લોકોને મફત તબીબી સેવાઓ પુરી પાડવા વોર્ડ બનાવવા માટે વપરાશે.

(Source : www.akilanews.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા. ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.




# રામ વન
## રાજકોટ

આજના યુગમાં વધતા જતા સિમેન્ટ કોન્ક્રીટના જંગલો વચ્ચે કુદરતે રચેલા જંગલો ઓછા થઈ રહ્યા છે ત્યારે પ્રકૃતિને સમતોલ બનાવવા રાજકોટ શહેરના આજી ડેમ નજીક કિશાન ગૌશાળા સામે ૪૭ એકરની વિશાળ જગ્યામાં અર્બન ફોરેસ્ટ રામવન બનાવવાનું કામ રાજકોટ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૯માં શરૂ કરવામાં આવેલું કામ ૨૦૨૨ના ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થઈ જશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૪ કરોડના ખર્ચે આ રામવન તૈયાર કરવામાં આવ્યું છે.

રામવનમાં કુલ ૨૫ વિભાગ બનાવવામાં આવ્યા છે જેમાં અલગઅલગ ૬૦ પ્રજાતિના ૬૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી રામના જીવન આધારિત પ્રસંગોની ઝાંખી કરાવતા અલગઅલગ ૨૨ જેટલા સ્કલ્પ્ચર મુકવામાં આવ્યા છે જેની સાથે લોકો સેલ્ફી પણ લઇ શકે તે મુજબ સેલ્ફી પોઇન્ટ મુકવામાં આવ્યા છે.




રામવનની વિશેષતા એ છે કે, ભગવાન શ્રી રામે કરેલા ૧૪ વર્ષના વનવાસના પ્રસંગો આબેહૂબ કંડારવામાં આવ્યા છે. આ ઉપરાંત ભગવાન રામના જીવનચરિત્ર સાથે સંકળાયેલા અલગઅલગ પ્રસંગોની ઝાંખીના દર્શન પણ થશે. ભગવાન રામના જીવન આધારિત પ્રસંગોના અહીં જે ૨૨ જેટલા સ્કલ્પ્ચર મૂકવામાં આવ્યા છે તેમાં સૌથી વિશિષ્ટ છે ભગવાન શ્રી રામની વિશાળ મૂર્તિ. ઉપરાંત જટાયુ દ્વાર, ભગવાન રામના ધનુષ આકારનો મુખ્ય પ્રવેશદ્વાર, સંજીવની બૂટી સાથે પર્વત લઇ આવતા હનુમાનજીના સ્કલ્પ્ચર આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. હાલ આ રામવનનું ૯૮ ટકા કામ પૂર્ણ થઇ જતા આગામી સાતમ-આઠમના તહેવાર સુધીમાં રામવન લોકો માટે ખુલ્લું મુકવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

રામવનમાં વિવિધ પ્રસંગોની પ્રતિકૃતિ રામાયણના જીવંત દર્શન કરાવશે. અહીં એક ઓફિસ અને મિટિંગ હોલ પણ બનાવવામાં આવ્યો છે. ભવિષ્યમાં રાજકોટ મનપા દ્વારા કોઇ મિટિંગ કે પ્રેસ







કોન્ફરન્સ કરવાની થાય તો તે પણ રામવનમાં થઇ શકશે. બાળકો માટે ક્રિડાંગણ, રમત-ગમતના સાધનો, વડીલો માટે ખૂબ સારી બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં એક પ્રકારે શોભે એ રીતે રામવન રાજકોટનું આભૂષણ બનશે.

પ્રભુ શ્રીરામે ૧૪ વર્ષ વનમાં રહી વનવાસ વેઠ્યો હતો. રાજકોટના આ રામવનમાં ભગવાને જંગલમાં વિતાવેલાં ૧૪ વર્ષ સહિત તેમના જીવન સાથે જોડાયેલા પ્રસંગોને રામવનમાં જીવંત કરવા માટે બનાવાયેલા સ્કલ્પચર ઊભાં કરવા માટે લગભગ દોઢ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. રામવનના પ્રવેશદ્વારથી શરૂ કરી અંત સુધી તમામ જગ્યા પર કોઈ ને કોઈ અલગ સ્કલ્પચર આકર્ષણનું કેન્દ્ર બની રહેતું જોવા મળી રહ્યું છે.

રામ વનમાં બે તળાવ પણ આવેલા છે. ઉપરાંત એક એમ્ફિ થિયેટર, ૬ ગેજેબો, ૨ આર્ટિસ્ટિક ગેજેબો, યોગ સ્ટેચ્યુ, રાશી વન, ૩ કેન્ટીન, રામસેતુ પણ અહીં છે. રામ વનમાં લોકો હરીફરી શકે તે માટે ચાર કિલોમીટરની લંબાઈના અલગ અલગ પથ બનાવાયા છે. પ્રકૃતિ અને શ્રદ્ધાના સંગમ એવા આ વનમાં ચારેકોર શ્રીરામના જીવનની ઝાંખી જોવા મળશે. જ્યાં જ્યાં કલાકૃતિ હશે ત્યાં રામધૂન વાગતી હશે. અહીં વિભિન્ન પ્રજાતિના વૃક્ષોના વન છે જેમ કે પીપળાવન, ઔષધવન તેમાં રાશિવન કે જેમાં દરેક રાશિ મુજબ ત્રણ-ત્રણ છોડ છે. આ વન ડેમ સાઇટ હોવાથી ચોમાસા અને શિયાળામાં સિંચાઇની ઓછી જરૂરિયાત રહે છે તેમ છતાં આજી ડેમમાં જે ફિલ્ટરેશન પ્લાન્ટ છે તેમાં ક્લોરીનેશન બાદ પણ જે ડહોળું પાણી તળિયે જમા થાય છે તે પાણીથી રામ વનનું સિંચન ડ્રિપ ઇરિગેશન સિસ્ટમથી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં આજી ડેમ પાસે બનેલું આ અર્બન ફોરેસ્ટ હવાની સાથે શહેરીજનોની ચિત્તની શુદ્ધિનું પણ કામ કરશે.

(Sources & Photo Courtesy : https://gujarati.news18.com, https://gujarati.abplive.com)



# શ્રાવણ મહિનો અને કચ્છના મેળા



ગુજરાતમાં અષાઢી બીજે મોટાભાગે ચોમાસાની શરૂઆત પણ થાય છે અને સાથે જ તહેવારોની હારમાળા પણ શરૂ થાય છે. વરસાદ આપણે ત્યાં નવો ઉત્સાહ અને ઉમંગ લઈને આવે છે. ખેતીપ્રધાન દેશમાં આમેય વરસાદની મોસમ એ કોઈ તહેવારથી કમ નથી. કચ્છમાં તો નવું વર્ષ પણ અષાઢી બીજથી શરૂ થાય છે વરસાદી મોસમની શરૂઆત સાથે કચ્છમાં અદભુત વાતાવરણ ઊભું થઈ જાય છે. આખા વર્ષ દરમિયાન ગરમી અને તાપથી સૂકીભઠ્ઠ બનેલી કચ્છની ધરતી લીલુડી ચાદર ઓઢેલી જોવા મળે છે. આ સાથે જ લોકોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળે છે અને શરૂ થાય છે મેળાની મોસમ. સૌરાષ્ટ્ર-કચ્છના મેળા તો ખૂબ પ્રખ્યાત છે.

આમ તો કચ્છમાં મેળાઓનો પ્રારંભ ચૈત્રી ચંદરથી થાય છે. સાગરખેડુઓની એ 'આખર' કહેવાય છે. તેઓ છેલ્લી ખેપ કરી ઘરે પાછા આવી જાય છે. હવે ચોમાસાના ચાર મહિના દરિયાઈ ખેપ બંધ. સાગરકિનારે એ દિવસે મેળા ભરાય છે. દરિયાસ્થાનમાં દરિયો નથી હોતો, પરંતુ 'દરિયાલાલ' દેવ હોય છે અને રઘુવંશી લોહાણા વિધિવત્ પૂજા-આરતી કરી મહાપ્રસાદ લે છે. મેળા જેવું જ વાતાવરણ ઊભું થાય છે. દરિયાલાલ જયંતીની ઉજવણી, જ્યાં લોહાણા જ્ઞાતિના લોકો વસે છે ત્યાં ઠેર-ઠેર થાય છે, પછી એ વિદેશ કેમ ન હોય!

આમ તો કચ્છમાં આખા વર્ષ દરમ્યાન અંદાજે ૧૫૦ જેટલા મેળા થાય છે અને એમાં પણ ધોમધખતા ચૈત્ર મહિનામાં પણ કચ્છમાં ઘણા મેળા હોય છે. રામનવમીના દિવસે કચ્છના માનીતા ઇષ્ટદેવ રામદેવ પીરનો મેળો માંડવી તાલુકાના ફરાદી ગામે થાય છે, તો ઇતિહાસપ્રસિદ્ધ જેસલ-તોરલના સમાધિસ્થળે અંજારમાં અને ભુજપુર ગામમાં ચૈત્રી પૂનમના દિવસે મેળા ભરાય છે. કચ્છમાં ધાર્મિક એકતાની સાક્ષી પૂરે છે રણની કાંધી પર આવેલી હાજીપીરવલીની દરગાહ અને ત્યાં ચૈત્ર મહિનાના પહેલા સોમવારે ખૂબ મોટો મેળો ભરાય છે. જ્યાં હજારો હિન્દુઓ અને મુસ્લિમો પીરની સલામે જાય છે. એ જ સમયગાળામાં માંડવી નજીક તલવાણા ગામમાં લોકશ્રદ્ધાના સ્થાન સમા રુકનશા પીરનો પણ મેળો યોજાય છે. આમ ચૈત્ર મહિનાથી જ કચ્છમાં મેળાઓનો પ્રારંભ થઈ જાય છે, પણ અષાઢની બીજથી તો મેળાઓની હારમાળા શરૂ થાય છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આષાઢી બીજ એ કચ્છનું નવું વરસ છે. મેળાઓની સંખ્યા અને એનું માહાત્મ્ય જોતાં એમ જરૂર કહી શકાય કે મેળાઓ કચ્છના લોકોના જીવનનો એક ભાગ બની ગયા છે.

તહેવારો આપણી સાંસ્કૃતિક ધરોહરના રક્ષક છે. દરેક તહેવારને પોતાનું ધાર્મિક માહાત્મ્ય હોય છે. કચ્છ જેટલો રેતાળ એટલો જ હેતાળ પ્રદેશ છે. સૂકા મુલકના માનવીનાં ભીનાં હૈયાં જોવાં હોય તો શ્રાવણના મેળા માણવા જવું જોઈએ. એમાં પણ સારો વરસાદ પડી ગયો હોય તો-તો પૂછવું જ શું! કવિ કુલગુરુ કાલિદાસે સાચું જ કહ્યું છે કે 'ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ' મનુષ્ય એ ઈશ્વરનું ઉત્સવપ્રિય સર્જન છે. એ રીતે કચ્છમાં શ્રાવણ માસ એ મેળાઓનો માસ બની રહે છે. આખો





મહિનો ભગવાન શિવના મહિમાનો મહિનો છે. એમાં પણ સોમવાર ખાસ મહિમાવંત દિવસ ગણાય છે. પ્રત્યેક સોમવારે લોકો શિવદર્શન પણ કરે અને મેળામાં પણ મહાલે. માંડવીમાં દરિયાકિનારે આવેલા કાશી-વિશ્વનાથ મંદિર પાસે દર સોમવારે મોટા મેળા ભરાય છે.


શ્રાવણ વદ સાતમ એટલે શીતળા સાતમ! શીતળા માતાજીના મંદિર પાસે મેળાના રૂપમાં ઉત્સવ ઊજવાય છે. માંડવીમાં શહેરથી બે કિલોમીટર દૂર એક તળાવડીના કિનારે માતાજીનું મંદિર છે, ત્યાં રાંધણ છઠ્ઠના દિવસે જે ‘ટાઢું’ બનાવવામાં આવ્યું હોય એનું શીતળા માતાને ચડતર ચડાવવામાં આવે છે. પછી જ લોકો પોતે આરોગે છે. દૂર-દૂરથી આવેલા શ્રદ્ધાળુઓ મંદિરના પ્રાંગણમાં કે તળાવડીની પાળે કે પછી વડલાની છાંયમાં બેસીને ભાથા ખોલીને ખાવા બેઠા હોય એ દૃશ્ય મેળાનું અલૌકિક દૃશ્ય હોય છે. મંદિરમાં છઠની રાતથી જ ભજન-કીર્તન શરૂ થઈ જાય છે. માંડવીમાં તો ભક્તિભાવપૂર્વક એ દિવસે બાલ રવાડી પણ નીકળે છે. એક જમાનામાં શણગારેલા બળદ અને તેમના ગળે બાંધેલી ઘૂઘરમાળ અને માફાદાર ગાડાની હારમાળા અને મેળાના સ્થળે છોડેલાં ગાડાં, ગળાની ધૂંસરી સાથે બાંધેલા અને નીરેલો ઘાસચારો ચરતા એ બળદો પણ મેળાનું અદ્દભુત દૃશ્ય બની રહેતા. ઘોડાગાડીમાં આવતા શ્રીમંત પરિવારો અને ખાસ મેળામાં જવા માટે ઘોડાના પગે બાંધેલી ઘૂઘરમાળના ધ્વનિ આહ્લાદકતા ઊભી કરતા. માફાળા ગાડામાં બેસીને વહેલી સવારે જ મેળા તરફ પ્રયાણ કરવાનો આનંદ તો અવર્ણનીય છે.

બીજા દિવસે કૃષ્ણ જન્મોત્સવ! સવારથી જ વાતાવરણ કૃષ્ણમય બની જાય છે. ગોવિંદાઓની ટોળીઓ સવારથી ગલીઓમાં નીકળી પડે, મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળે જે રાત્રે કૃષ્ણજન્મ સુધી રહે, પણ એ પહેલાં ઢળતી બપોરે શરૂ થયેલો મેળો તો મહાલવાનો જ. ભુજમાં સાતમનો શરૂ થયેલો મેળો છેક નવમીએ પૂરો થાય, જ્યારે માંડવીમાં આઠમનો મેળો સાંજે રુક્માવતી નદીના કિનારે આવેલા નાગનાથના મંદિરમાં ભરાય છે. એની બાજુમાં જ સૂર્યનારાયણ ભગવાનનું મંદિર પણ આવેલું છે. સાતમથી માંડવીમાં લાગલગાટ ચાર દિવસ મેળા ચાલુ રહે છે. નોમ અને દસમના રોજ નીકળતી રવાડી એ તો માંડવીના મેળાઓમાં મોરપીંછ ગણાય છે. નવમીએ લોહાણા જ્ઞાતિની અને દસમે ખારવાઓની મોટી રવાડી નીકળે છે. મોટા ભાગે બપોરે ત્રણ-ચાર વાગ્યે શરૂ થયેલી ભગવાન શ્રીકૃષ્ણની રથયાત્રા બીજા દિવસે સવારે ત્રણ-ચાર વાગ્યે પૂરી થાય છે. આ શોભાયાત્રા અત્યંત દર્શનીય હોવાથી દૂર-દૂરનાં શહેરો અને ગામડાંઓમાંથી લોકો આવે છે. વીર પસલી અને રક્ષાબંધનના તહેવાર પછી તો મેળાઓની ધૂમ મચી જાય છે. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસોમાં મેળાઓની વણજાર ઉત્સાહ અને ઉમંગથી ઊજવાતી હોય છે.

અહીં જ મેળાઓનો પ્રવાહ અટકતો નથી! ઊતરતા વરસાદના દિવસો એટલે આવતો ભાદરવો મહિનો! કચ્છમાં નખત્રાણા તાલુકામાં બે જગ્યાએ ‘યક્ષ’ના મેળા ભરાય છે. મોટી વીરાણી ખાતે નાના યક્ષનો મેળો અને બોંતેર યક્ષ જ્યાં બિરાજે છે એ સ્થળે મોટા યક્ષનો મેળો ભરાય છે. એ બે દિવસ અને રાત ચાલે છે. એ કચ્છના લોકોની મેળાઓની આખરી મોસમ કહી શકાય! પણ ત્યારથી શરૂ થાય નવરાત્રિની તૈયારી!

હજી પણ કચ્છના મેળાઓમાંથી એ દૃશ્ય ભૂંસાયું નથી કે ઘેરદાર ઘાઘરા, કાંબી ને કડલાં ને વળી નવરંગી ચૂંદડી ઓઢીને મેળામાં મહાલતી ગ્રામીણ મહિલાઓ અને યુવતીઓ, ઘેરદાર કેડિયાં-ચોયણા અને ચાંદી કે સોને મઢેલાં બટન તથા ભારે અને ફૂમતાવાળાં પગરખાં અને હાથમાં લાંબી ડાંગ સાથે મેળે જતા માલધારી! વાહ રે મેળાની મજા!

(Sources & Photo Courtesy : www.gujaratimidday.com, www.gujarattourism.com, www.thetoptours.com, https://m.psecn.photoshelter.com, https://threads.werindia.com)



# રક્ષાબંધનની અનોખી ઉજવણી

રક્ષાબંધન એટલે ભાઈ-બહેનના પ્રેમનો તહેવાર. શ્રાવણ મહિનાની પુર્ણિમાએ ઉજવાતા આ તહેવારમાં બહેન ભાઈને રાખડી બાંધી તેના દીર્ઘાયુષ્યની કામના કરે છે. ભાઈ બહેનની રક્ષાનું વચન આપે છે. રક્ષાબંધનના દિવસને નાળિયેરી પુર્ણિમા અને બળેવ પણ કહેવામાં આવે છે. આ દિવસે બ્રાહ્મણો નવી જનોઈ ધારણ કરે છે. આ સિવાય પણ ગુજરાતના કેટલાક ભાગોમાં રક્ષાબંધન અલગ રીતે ઉજવવામાં આવે છે.

### જેતલસરની અનોખી પરંપરા - હળદોડ

જેતપુર તાલુકાના જેતલસર ગામમાં રક્ષાબંધનનો તહેવાર ખાસ રીતે ઉજવવામાં આવે છે. અહીં હળીયું દોડ એટલે કે હળદોડ થાય છે. ખાસ રીતે અહીં આવતા વર્ષે વરસાદ કેવો રહેશે અને કેટલો આવશે તેનું ભવિષ્ય જોવામાં આવે છે. જેતલસર ગામમાં બપોર બાદ લોકોને એકત્ર કરવામાં આવે છે. ત્યારબાદ એક ખાસ વિધિ કરવામાં આવે છે.



આ વિધિમાં ચાર ઘડા એટલે કે નાની માટલી લેવામાં આવે છે જેને આપણા ચાર મહિના જેઠ, અષાઢ, શ્રાવણ અને ભાદરવો નામ આપવા આવે છે. ચાર ખેડૂતોને બોલાવી તેમના હાથે આ ઘડાઓને પાણીથી ભરવામાં આવે છે અને આ ભરેલા ઘડાનું ભૂમિપુત્રોના હાથે પૂજન કરવામાં આવે છે. આ વિધિના અમુક સમય બાદ તેની અંદર રહેલા પાણીનું નિરીક્ષણ કરીને આવતા વર્ષ માટે વરસાદનો વરતારો કરવામાં આવે છે. વરસાદ કેવો રહેશે તેનું અનુમાન આ ઘડાઓના આધારે થાય છે. આ વિધિમાં સાથે ખેતરમાં વપરાતા હળનું પૂજન પણ કરવામાં આવે છે. ત્યારબાદ જે ભૂમિપુત્રોએ ઘડાનું પૂજન કર્યું હોય તેઓની એક હડી એટલે કે દોડ લગાવવામાં આવે છે. તેમાં જે જીતે તે વિજેતાને પુરસ્કાર સ્વરૂપે હળ આપવામાં આવે છે. આ અનોખી પરંપરાનું દર વર્ષે પાલન કરવામાં આવે છે.

### શ્રાવણને બદલે ભાદરવામાં રક્ષાબંધન ઉજવતું ગામ

ભાઈ અને બહેનના પવિત્ર બંધનને એક સૂતરની આંટીમાં બાંધી રાખે તે પર્વ એટલે રક્ષાબંધન. આ પર્વની ઉજવણી સામાન્ય રીતે ભારતભરમાં શ્રાવણ સુદ પૂનમના દિવસે કરવામાં આવે છે. પાટણના સમી તાલુકાના અંતરિયાળ વિસ્તારનું એક ગામ એવુ છે જે આ દિવસે નહીં સ પણ ભાદરવા સુદ તેરસના રોજ રક્ષાબંધનનું પર્વ ઉજવે છે. તેની પાછળ પણ એક ઇતિહાસ વણાયેલો છો.

પાટણ જિલ્લાના સમી તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ગોધાણા ગામ ખાતે ગોધણશાપીર દાદાનું મંદિર આવેલું છે. ગ્રામજનોને દાદા પર અતૂટ શ્રદ્ધા છે. ગામમાં દર વર્ષે શ્રાવણ સુદ પૂનમ પૂર્વે ગામ આખું ઢોલના નાદ સાથે ભેગુ થાય અને તેમાંથી ચાર યુવાનો ગામ તળાવમાંથી માટલીમાં પાણી ભરી લાવે છે. ત્યાર બાદ ગામની સીમમાં દોડનું આયોજન કરવામાં આવે છે. ૭૦૦ વર્ષ પહેલા એક ઘટના બની. ગામના ચાર યુવાનો પરંપરા મુજબ માટલી લઈ ગામ તળાવમાં પાણી ભરવા ગયા હતા અને તે યુવાનો તળાવમાં આવેલ એક ખાડામાંથી પાણી ભરતા અચાનક ડૂબી ગયા હતા. આ વાત ગ્રામજનોને થતા તેઓ તળાવ ખાતે દોડી ગયા હતા. તળાવની બહાર કલાકો સુધી યુવાનો બહાર આવે તેની રાહ જોઈ બેસી રહ્યા. પણ યુવાનોની કોઈ ભાળ મળી નહિ. છેવટે ચાર યુવકો મૃત થયા હોવાનું સમજી ગામમાં પરત આવ્યા હતા. આમ, આખા ગામમાં શોકનું મોજું ફળી વળ્યું હતું. શ્રાવણ સુદ પૂનમ એટલે કે રક્ષાબંધનનું



પર્વ હતું પણ ગામમાં ચાર યુવાનોના મોતનો શોકનો માહોલ હતો. જેથી ગ્રામજનોએ રક્ષાબંધન ન ઉજવવાનો નિર્ણય કર્યો હતો. દિવસો વિત્યા બાદ એક દિવસ ગામના મુખીને સપનું આવ્યું જેમાં ગ્રામજનોના આસ્થા સમા ગોધણશાપીર દાદાએ કહ્યું કે આવતીકાલે સવારે આખું ગામ ભેગું થઈ અબીલગુલાલ લઈ ઢોલ વગાડતા ગામ તળાવે જજો. ત્યાં તળાવમાં ડૂબેલા ચાર યુવાનો તમને મળી જશે. આ વાત તેમણે સવારે ગ્રામજનો કરી અને બધા ધામધૂમથી ગામ તળાવ ખાતે પહોંચ્યા અને ચમત્કારિક રીતે તળાવમાંથી ચાર યુવાનો બહાર નીકળ્યા. આ યુવાનો શ્રાવણ સુદ પૂનમના ૨૮ દિવસ બાદ તળાવમાંથી જીવિત બહાર આવ્યા હતા. તે દિવસે ગામમાં રહેતી દીકરીઓએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તે દિવસ એટલે કે ભાદરવા સુદ તેરસનો દિવસ. ત્યારથી ગામના લોકો ભાદરવા સુદ પૂનમના દિવસે જ રક્ષાબંધન ઉજવે છે. આજે પણ આ પરંપરા ચાલી આવે છે અને આખું ગામ શ્રાવણ સુદ પૂનમના દિવસે રક્ષાબંધનના પર્વની ઉજવણી નથી કરતું. પણ ભાદરવા સુદ તેરસના રોજ રક્ષાબંધનના પર્વની ઉજવણી કરે છે. આ દિવસે ગામ ખાતે આવેલ ગોધણશાપીર દાદાના મંદિરે સુખડી અને શ્રીફળ ચઢાવીને દીકરીઓ ભાઈના હાથે રાખડી બાંધે છે.

(Sources & Photo Courtesy : https://zeenews.india.com)